ગ્રાહક ફરિયાદ નિવારણ કેન્દ્ર
ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક : પીજીવીસીએલ/બીઝેડ/ફોરમ/જનરલ-/૧૦/૨૦૧૮-૧૯/ 4987 તારીખઃ 28 SEP 2018

પ્રતિ,

શ્રીસવજીભાઈ કાળુભાઈ ખીમાણી,,

ગામ:થોરાળી , તા-શીહોર,

જી-ભાવનગર.

**વિષય** : વિજળી અધિનિયમ ૨૦૦૩ ની કલમ૧૩૫ હેઠળ ગુનામાં નિર્દોષ હોવાની રજુઆત બાબત.

**સંદર્ભ**: ૧) કોર્પોરેટ કચેરીનો પત્ર નં.પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૪/કવા-૦૧/૧૭-૧૮/૨૬૫૩ તા. ૦૧/૦૪/૧૭.

૨) બીવીએનસી/ફોરમ/૯૨/૧૮-૧૯/૩૭૭૮ તા. ૨૪.૦૮.૧૮.

મહોદય શ્રી,

જયભારત સાથ ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વેની આપની ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમને અરજી મોકલેલ, તે મળેલ છે. જે અરજી માહેની વિગતો નો અભ્યાસ કરતાં જણાયેલ છે. કેતમોને વીજ જોડાણમાં પીજીવીસીએલ તરફથી અપાયેલ ગેરરીતિ સબબનું પુરવણી બીલ જે પ્રવર્તમાન વીજ ધારા ૨૦૦૩ અન્વયેની કલમ ૧૩૫ મુજબનું છે.

આ બાબતે આપને જણાવવાનું કે, પ્રવર્તમાન નિયમાનુસાર સદર પ્રકારના – ગેરરીતિઅન્વયે અપાયેલ પુરવણી બીલ સબબના કેસના નિકાલની કામગીરી જી.ઈ.આર.સી. નોટીફીકેશન ૨/૨૦૧૧ ના કલોઝ નં. ૨.૩૦(૨) મુજબ અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર સતા ક્ષેત્ર બહાર હોય, આ બાબતે અત્રે તરફથી કંઈ કરવાનું રહેતું ન હોવાથી, અત્રેની ફોરમ કચેરી દવારા આપશ્રી તરફથી મળેલ ઉપરોકત સંદર્ભ મુજબની તમારી અરજી જે આપના દવારા મોકલવામાં આવેલ, તે નોંધવામાં આવતી નથી.

તેમ છતાં આપશ્રીને જણાવવાનું કે, સદર બાબત આનુષાંગિક પ્રથમ અપીલ અરજી પીજીવીસીએલ પેટા વિભાગીય કચેરી, શિહોરરૂરલસમક્ષ કરવી જરૂરી હોય, તે મુજબ આપશ્રી તરફથી મળેલ સદર અરજી અત્રે તરફથી પીજીવીસીએલ નીપેટા વિભાગીય કચેરી, શિહોર રૂરલ ને,વિભાગીય કચેરી ભાવનગર ગ્રામ્ય , વર્તુળ કચેરી,ભાવનગરની જાણ હેઠળ તેમજ સદર કેસ સંબંધક જરૂરી અપીલ આનુષાંગિક કાર્યવાહી કરવા અર્થે આ સાથે મોકલી આપવામાં આવે છે.

જેથી હવે આપને સંદર્ભ મુજબની અરજી બાબતે પીજીવીસીએલ વિભાગીય કચેરીભાવનગર ગ્રામ્ય ,સાથે પત્રવ્યવહાર કરવા સબંધક આ સાથે આપને વિનંતિ સહ જાણ કરવામાં આવે છે. જે આપને સુવિદિત થાય, આભાર સહ.

**વધુમાં આપની તા. ૧૪.૦૮.૧૮ની સદર ફરિયાદ અંગે અત્રેની કચેરી દ્વારા સ. પત્ર નં. ૨ થી આપની ફરિયાદ કેસ નં. ૯૨/૧૮-૧૯ થી રજીસ્ટર કરવામાં આવ્યા અંગેની જાણ કરવામાં આવેલ, જે કેસ આ સાથે રદ કરવામાં આવે છે.**

આપનો વિશ્વાસુ,

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ,ભાવનગર.

નકલ રવાના :

૧) અધિક્ષક ઇજનેરશ્રી, પી.જી.વી.સી.એલ., વર્તુળ કચેરી,ભાવનગર.

૨) કાર્યપાલકઇજનેરશ્રી, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી,ભાવનગર ગ્રામ્ય .

........ અરજદારનો સદર કેઈસ, કલમ-૧૩૫ હેઠળ ગેરરીતિઅન્વયેના પુરવણી બીલ સબંધક છે. સદર કેસના નિરાકરણની કામગીરી અત્રેના ફોરમના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ ન હોય, જેથી સદર પ્રકારના કેસની અપીલેટ ઓથોરીટી પીજીવીસીએલની સબંધક કચેરીઓ હોય, અરજદારની સદર અરજી ની ઝેરોક્ષ નકલ આ સાથે આપને મોકલવામાં આવે છે. જેથી સદર કલમ ૧૩૫ કેસ સબંધિત અપીલ અન્વયેની યોગ્ય કાર્યવાહી અરજદારશ્રીની જાણ હેઠળ, કરવા આપનાં કાર્યક્ષેત્ર હેઠળની કચેરીને ભારપૂર્વક જણાવશો.

૩) નાયબ ઇજનેરશ્રી, પી.જી.વી.સી.એલ., પેટા વિભાગીય કચેરી : ,શિહોર રૂરલ.

આપના સ.પત્ર નં.એસ.એસ.ડી./રેવ,/ફોરમ/૧૧૨૭૦ તા. ૩૦.૦૮.૧૮.ના અનુસંધાને.

........ અરજદારશ્રીનો સદર કેસ કલમ ૧૩૫ આનુષાંગિક હોય તે મુજબ તેમની અપીલ અરજી અન્વયે તે મુજબ જરૂરી કાર્યવાહી આપની વિભાગીય કચેરી તેમજ વર્તુળ કચેરીની જાણ હેઠળ અરજદારશ્રી ને જરૂરી પત્ર પાઠવી જરૂરી કાર્યવાહી હાથ ધરવા આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.